જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૧૧/૨૦૧૪ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૨૯૨૧/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૩ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી ૧૬૧ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૬૭ આરોપીઓને ઝડપી રૂપિયા ૪૧,૯૪,૪૮૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૨૯૨૨/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહિ.૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અને પાસા મુજબ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણ:-** **સમાચાર યાદી નં.૨૯૨૩/૧૪**

**ઇસનપુર :** સાયરાબાનુ જમીલભાઇ રંગરેજ (રહે.શફી બોરીંગવાળાની પાછળ, અમ્મા મસ્જીદ સામે, ચંડોળા તળાવના છાપરાં, શાહઆલમ) એ તા.૨૮/૧૧/૧૪ નારોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૧૧/૧૪ નાં કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી અજાણી વ્યક્તિ પોતાના પુત્ર શાબીર (ઉ.વ.૮) નું અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એન.પંડ્યા ચલાવે છે.

**શહેરકોટડા :** નુતનબહેન દિપકભાઇ ગુપ્તા (રહે.ખોડીયાર પાર્ક સોસાયટી, અનિલ સ્ટાર્ચ મીલની સામે, બાપુનગર) એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૧૧/૧૪ બપોરનાં ૪/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી અજાણી વ્યક્તિ પોતાના પુત્ર અજય (ઉ.વ.૧૩) નું અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.જી.ભટ્ટ ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૨૯૨૪/૧૪**

**સેટેલાઇટ :** પરેશભાઇ વાસુદેવભાઇ ત્રીવેદી (રહે.ગોવર્ધન કોમ્પલેક્ષ, જોધપુર ગામ રોડ, સેટેલાઇટ) એ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૧૧/૧૪ સવારના ૧૧/૦૦ થી બપોરના ૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૭૪,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૪૪,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એન.વાઘેલા ચલાવે છે.

**વટવા :** રાકેશસિંગ ચંદ્રભાણસિંગ ક્ષત્રીય (રહે.શરણમ રેસીડેન્સી, ન્યુ સી.જી.રોડ, ચાંદખેડા) એ તા.૨૮/૧૧/૧૪ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૧૧/૧૪ બપોરના ૪/૩૦ થી તા.૨૧/૧૧/૧૪ નાં ૮/૦૦ વાગ્યા દરમ્યાન નારોલ મટનગલી ખાતે આવેલ પોતાની સ્કીનો ટેક્સ એન્જીનીયરીંગ કંપનીનાં સ્ટોરરૂમનાં દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ સ્ટોરરૂમમાં પ્રવેશ કરી લોખંડના ઘોડામાં મુકેલ સિન્થેડ બ્રશ કુલ નંગ-૧૩૦૩ કુલ કિંમત રૂપિયા ૭૮,૭૧૩/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જે.ચૌધરી ચલાવે છે.

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૯૨૫/૧૪</u>**

**ઓઢવ :** ભગવતીબહેન પ્રભુદાસ પંચાલ (રહે.જય ગાયત્રી સોસાયટી, વલ્લભબાગ, ઘાટ કોપર, મુંબઇ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૧૧/૧૪ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે દાસ્તાન ફાર્મમાં આવેલ આશીર્વાદ પાર્ટી પ્લોટમાંથી નજર ચુકવી કોઇ અજાણી વ્યક્તિ ભગવતીબહેનના પર્સની ચોરી કરી લઇ ગઇ છે. જે પર્સમાં સોનાના દાગીના, મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૫,૦૦૦/- ની મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એસ.ચાવડા ચલાવે છે.

**મણીનગર :** પિયુષભાઇ સુશીલભાઇ જૈન (રહે.તક્ષશીલા ઇકોગ્રીન રીંગ રોડ પાસે, વસ્ત્રાલ) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૧૧/૧૪ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે કાંકરીયા ગેટ નં.૫ પાસે આવેલ ટી.જી.બી.હોટલનાં હોલ ખાતે પિયુષભાઇની માતા નીરૂબહેને સોફા પાસે મુકેલ પર્સ કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. જે પર્સમાં સોનાના દાગીના, મોબાઇલ ફોન અને રોકડ રૂપિયા ૫૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૪૩,૦૦૦/- ની મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.જી.ચૌધરી ચલાવે છે.

**<u>સોનાનો દોરો ખેંચી લઇ ગયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૯૨૬/૧૪</u>**

**વસ્ત્રાપુર :** તેજલબહેન કલ્પેશભાઇ વાણીયા (રહે. શાંતી એપાર્ટમેન્ટ, રાજપથ રૉ હાઉસની બાજુમાં, બોડકદેવ) તા.૨૮/૧૧/૧૪ નાં કલાક ૧૦/૧૫ વાગ્યાના સુમારે બોડકદેવ દેવાસીસ સ્કુલની બાજુમાંથી ચાલતાં પસાર થઇ રહ્યા હતા દરમ્યાન મોટર સાયકલ ઉપર આવેલ પુરૂષે તેજલબહેનનાં ગળાંમાંથી સોનાનો દોરો કિંમત રૂપિયા ૪૫,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ તેજલબહેન વાણીયાએ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.કે.રાણા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર
પોલીસ કમિશનર વતી.